ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા હિન્દી દિવસની ઉજવણી શનિવારે કરવામાં આવી હતી.

# IITમાં ઉજવાયો હિન્દી દિવસ

DAYCELEBRATION

સિટી રિપોર્ટર : અમદાવાદ





ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરદ્વારા હિન્દી દિવસની ઉજવણી કરાઇ હતી. જેમાં દેશભક્તિની કવિતાઓનું હિન્દીમાં પઠન કરાયું હતું.

આ પ્રસંગે આઇઆઇટીજીએનનાં ડાયરેક્ટર પ્રો.સુધીર કે જૈને કહ્યું કે હિન્દી ભાષા અત્યંત મહત્ત્વની ભાષા છે અને ભારતની વિશાળ વસ્તીમાં દરેક કોમન વ્યક્તિઓને બાંધીને રાખે તેવી આપણી હિન્દી ભાષા છે. આપણે હિન્દી ભાષાનાં મહત્ત્વને અને દેશની અન્ય રિજનલ ભાષાઓની રિચનેસમાં હિન્દીની ઓળખ જળવાઇ રહે તે માટે તેની ઉજવણી કરી છે.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ અને સ્ટાફ મેમ્બર્સે હિન્દી ભાષામાં દેશભક્તિ કવિતાઓ, તેમજ જાતે લખેલી હિન્દી કવિતાઓનું પઠન કર્યું હતું. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે કહ્યું હતું કે, જાતે લખેલી હિન્દી કવિતાઓને અમે શરમાયા વગર લોકો સમક્ષ હિન્દીમાં પઠન કર્યું, તે જ અમારે માટે હિન્દીની સૌથી મોટી ઉજવણી છે.